# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨ તા.૬-૪-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે સને ૨૦૧૫-૧૬નું શૈક્ષણિક વર્ષ પૂર્ણ થઈ રહેલ છે. ઉચ્ચ પ્રાથમિક શાળાના ધો.૮ના વિદ્યાર્થીઓ વધુ અભ્યાસ માટે માધ્યમિક શાળાઓમાં જનાર છે ત્યારે ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણીનાં ઉપલક્ષમાં ધો.૮ના વિદ્યાર્થીઓને ધો.૯માં પ્રવેશ મેળવી વધુ અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવાના હેતુસર ધો.૮ ધરાવતી દરેક શાળાને શુભેચ્છા કાર્યક્રમ યોજવા જણાવવામાં આવે છે. તા.૧૩-૪-૧૬ના રોજ ગુજરાતી માધ્યમની શાળાઓએ સવારના ૧૦-૩૦ થી ૧૧-૩૦ દરમ્યાન અને અન્ય માધ્યમની શાળાઓએ બપોરના ૧૨-૩૦ થી ૧-૩૦ દરમ્યાન આ કાર્યક્રમ યોજી ધો.૮ના બાળકો ધો.૯માં અભ્યાસ અર્થે જાય તેવું હકારાત્મક વાતાવરણ ઉભું કરવા પ્રયાસ કરવા. મ્યુનિ. શાળામાં અભ્યાસ અર્થે ભણવાપાત્ર વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવવા ધો.૮ના આ વિદ્યાર્થીઓ પોતાના રહેણાંક વિસ્તારમાં કાર્યરત બને તે માટે તેઓને પ્રેરિત કરવા. આ કાર્યક્રમમાં જે-તે વિસ્તારના કોર્પોરેટરશ્રી, દાતાશ્રીઓ, સામાજિક આગેવાનો, તમારી શાળા દત્તક લીધી હોય તેવી માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓને બોલાવવા.

વર્ષ દરમ્યાન શાળામાં યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ / વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્ર પણ શાળા કક્ષાએથી આપી શકાય. આ શુભેચ્છા કાર્યક્રમમાં તમારી શાળામાં ઉપસ્થિત રહેનાર કાઉન્સીલરશ્રીનું નામ જે-તે બીટ સુપરવાઈઝરશ્રી પાસેથી મેળવી લેવાનું રહેશે, જેની નોંધ લેશો.

તા.૬-૪-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી